વર્ષ 1 | અંક 10 | એપ્રિલ, 2023

"એક પગલું
પ્રગતિશીલ
પેરન્ટીંગ તરફ..."

# પેરન્ટોલોજી

## સરકસ ન જોયાનો આનંદ

એક વાર મારી તરુણ વયે હું અને મારા પિતા સરકસની ટિકિટો લેવાની લાઈનમાં ઊભા હતા. છેવટે અમારી અને ટિકિટબારી વચ્ચે એક જ પરિવાર રહ્યો. એ પરિવારને હું કદી નહીં ભૂલું. તેમાં આઠ બાળકો હતાં. બધાં ૧૨ વર્ષથી નીચેના. તેમને જોઈને ખ્યાલ આવી જતો હતો કે તેમની આર્થિક હાલત ખાસ સારી નહોતી. તેમનાં કપડાં બહુ કિંમતી નહોતાં, પણ સાફ અને સુઘડ હતાં. તેમનું વર્તન પણ સરસ હતું. માબાપની પાછળ બે–બેની જોડીમાં હાથ પકડીને તેઓ શાંતિથી ઊભાં હતાં. તેઓ અંદર અંદર ઉત્સાહથી જોકરની, હાથીની અને સરકસના બીજા ખેલોની વાતો કરતાં હતાં. તેમણે પહેલાં કદી સરકસ જોયું નહીં હોય એ સમજાતું હતું. આજે રાત્રે તેઓ પહેલી વાર સરકસ જોવાનાં હતાં તેનો આનંદ તેમનાં કુમળા મોં પર ચમકતો હતો.

પિતા અને માતા ગરિમાપૂર્વક ઊભાં હતાં. પત્નીએ પતિનો હાથ પકડી રાખ્યો હતો. તેના તરફ તે એવી ચમકતી આંખે જોતી હતી જાણે કહેતી હોય, 'તું અમારો વિજેતા યોદ્ધો છે.' પતિ પણ તેની સામે સ્મિત વેરી રહ્યો હતો જાણે કહેતો હોય, 'તું મારી પ્રેરણા છે.'

ટિકિટ વેચનાર બહેને પેલા આઠ બાળકોના પિતાને પૂછ્યું, 'કેટલી ટિકિટ આપું ?' પિતાએ કહ્યું, 'આઠ બાળકો માટેની, બે પુખ્ત વયનાં માટેની આજે તો મારે મારા પરિવારને સરકસ દેખાડવું જ છે.' પેલીએ તેને ટિકિટો માટે થતી રકમનો આંકડો કહ્યો.

આંકડો સાંભળી પત્નીના હાથમાંથી પતિનો હાથ છુટી ગયો. પતિના હોઠ ધ્રુજવા લાગ્યા. તેણે કંપતા અવાજે પૂછ્યું, 'કેટલા કહ્યાં ?'

પેલીએ ફરી વાર રકમ કહી. એટલા પૈસા પતિ પાસે હતા નહીં – પણ એ વાત તે પોતાની પાછળ ઉત્સુકતાથી ઊભેલાં બાળકોને કેવી રીતે કહે ? કેવી રીતે કહે કે તમારા પિતા પાસે તમને સરકસ બતાવવાના પૈસા નથી ?

આ જોઈને મારા પિતાએ ખિસ્સામાં હાથ નાખી વીસ ડોલરની નોટ કાઢી અને જમીન પર પડવા દીધી. (પૈસાદાર તો અમેય નહોતા) પછી મારા પિતાએ સહેજ નીચે નમી, એમણે જ પાડેલી નોટ લઈ પેલા માણસને કહ્યું, 'જુઓ ભાઈ, આ તમારા ખિસ્સામાંથી પડી ગઈ છે.'

પેલો પુરુષ સમજી ગયો. તે કોઈની પાસે માગે એવો કે મદદ સ્વીકારે એવો નહોતો, પણ આવી રીતે મદદ કરીને દિલ તોડી નાખનારી અને મુંઝવણભરી સ્થિતિનો આવી રીતે મદદ કરીને હલ કાઢનારની લાગણીને તે સમજી શકયો. તેણે મારા પિતાની આંખોમાં જોયું, મારા પિતાના હાથને પોતાના બન્ને હાથમાં લઈ દબાવ્યો. તેની આંખોમાંથી આંસુનાં ટીપાં તેના ગાલ પર સરી પડયાં. તેણે નોટ લઈને કહ્યું, 'થેંન્ક યૂ ' થેંન્ક યૂ, સર. મારો પરિવાર અને હું આ વાત કદી નહીં ભૂલીએ.'

હું અને મારા પિતા સરકસ જોયા વિના જ અમારી કાર તરફ પાછા ફર્યા. ઘરે આવ્યા. અમે સરકસ ગુમાવ્યું હતું.પણ અનેકગણો આનંદ લઈને આવ્યા હતા.

– ડેન કલાર્ક "આશાના અંકુર" માંથી સાભાર

## આહા ! આવ્યું વેકેશન...!!

આહા ! આવ્યું વેકેશન,
જુઓ રજાની મજા!
શું શું લાવ્યું વેકેશન
આવી મજાની રજા!
રજાની મજા મજાની રજા, રજાની મજા!

સાથે ભેરૂઓની ટોળી,
સાથે સખિઓની જોડી,
એ તો ડુંગર ઉપર દોડી,
ઉપર ટોચે જઈને, નવી દુનિયા જોવા!
જો જો મમ્મી તો બોલાવે,
પાછળ પપ્પાને દોડાવે,
તો પણ આવીશ નહીં હું હવે હાથમાં...

અમે તો મુંબઈ જવાના
અને ચોપાટી ફરવાના,
ભેળપુરી ખાવાના,
આખો દરિયો ડહોળીને,
દૂર દેશ જવાના,
દૂર દેશ જઈ,
ભારતના ગુણ ગાવાના...

કવિ – અરવિંદ શેઠ

સ્કેન કરો
ગીત સાંભળો



# નિશાળ તરફથી એક પત્ર વાલીઓને...

પ્રિય વાલીઓ,

હું છું તમારા બાળકની નિશાળ. સોરી, આપણા બાળકની નિશાળ, મને ખબર છે કે હમણાં એક લાંબું વેકેશન ચાલી રહ્યું છે અને આપણું બાળક અત્યારે સંપૂર્ણપણે ઘરમાં છે. તમને એક વિનંતી કરવાની છે કે આપણા બાળકનું ધ્યાન રાખજો.

જે સમયે આપણું બાળક છ થી સાત કલાક મારી પાસે રહેતું, ત્યારે તમને શ્વાસ લેવાનો સમય મળી જતો. અત્યારે એ ચોવીસ કલાક તમારી સાથે જ હશે. પણ પ્લીઝ, અકળાતા નહીં, એ આખું ઘર માથે લેશે, વસ્તુઓ વેરવિખેર કરી નાખશે, સોફા ઉપર બેઠાં બેઠાં ખાવાનું માગ્યા કરશે, યુ–ટયૂબ પર કાર્ટૂન્સ જોયા કરશે. તો પ્લીઝ, એના પર ગુસ્સે નહીં થતાં.

શિક્ષણથી લઈને બાળકના લંચ સુધી તમને બધું જ આઉટસોર્સ કરવાની ટેવ પડી ગઈ છે, એ હું જાણું છું. પણ સાચું કહું? બાળકને વ્યસ્ત રાખવા માટે કોઈ પ્રકારનું આઉટસોર્સિંગ અવેલેબલ નથી. એને બીઝી તો તમારે જ રાખવું પડશે. હું ઈચ્છું તો પણ ચાલીને તમારા ઘરે નહીં આવી શકું. નિશાળ છું ને સ્થાવર મિલકત! એટલે કે ઈમમૂવેબલ પ્રોપર્ટી.

આ કાગળ મેં એટલા માટે લખ્યો છે કારણ કે તમને જાણ થાય કે આપણા બાળકને હું ભૂલી નથી. ઈન ફેક્ટ, એનાં તોફાનો મિસ કરું છું. એના વગર મારાં કલાસરૂમ ખાલી ખાલી લાગે છે. બ્લૅકબોર્ડ સાવ સુન્ન થઈને દીવાલ પર ટીંગાયેલું છે. એવું લાગે છે કે જાણે ઘોંઘાટ લખેલી બરણીની અંદર કોઈએ ખાલીપો ભરી દીધો હોય. નિશાળમાં કરફયુ જેવું વાતાવરણ છે. ન તો ઝાડ પર ચકલી બેસે છે, ન તો આંગણામાં ખિસકોલી આવે છે. બાળકો હતાં ત્યારે તો પતંગિયાં પણ આવતાં. ખબર નહીં કેમ? હવે તો એ પણ નથી આવતાં. વેકેશન એમના માટે તો નથી. જરા ચેક કરજો ને પ્લીઝ. એ પતંગિયાઓ તમારે ઘરે તો આવ્યાં નથી ને ! મેં એવું સાંભળ્યું છે કે ફૂલોના સ્થળાંતરની જાણ સૌથી પહેલા પતંગિયાઓને થતી હોય છે. પ્લીઝ ધ્યાન રાખજો. ફૂલોનું પણ અને પતંગિયોઓનું પણ.

આમ તો આ બધું મારી જૉબ પ્રોફાઈલમાં નથી આવતું, તેમ છતાં તમને કહેવું મારી ફરજ બને છે કારણ કે આ બધી બાબતો પરિણામને દિવસે અપાતા ગ્રેડ્સ કરતાં પણ વધારે મહત્ત્વ ધરાવે છે.

મારે તમને એટલું જ કહેવું છે કે તમે બાળકના કંટ્રોલર નહીં, કોચ બનજો. એના ક્રિટિક નહીં, ચિયરલીડર બનજો. એવું બિલકુલ શકય છે કે આપણા બાળકને હું જરા પણ ન ગમતી હોઉં. કારણ કે હું કયારેક એને વધારે પડતું હોમવર્ક આપી દઉં છું. તો કયારેક એના ગજા બહારનું અસાઈનમેન્ટ. હું એની પાસેથી બહુ અપેક્ષાઓ રાખું છું કારણ કે મને એની ક્ષમતામાં ભરોસો છે. તમે પણ ભરોસા રાખજો.

હું આપણા બાળકને એટલે પુશ કરું છું કારણ કે હું નથી ઈચ્છતી કે આપણું બાળક મારા કોઈ અણગમતા, કડવા કે પરાણે ભણાવતા શિક્ષક જેવું બને. હું ઈચ્છું છું કે એ કોઈ એવી વ્યક્તિ બને, જેને પોતાની જાત પર ગર્વ થાય. હું ઈચ્છું છું કે તમે એને કોઈ પણ જજમેન્ટ આપ્યા વગર સાંભળો. એના વિશે કોઈ પૂર્વધારણા, નિષ્કર્ષ કે નિર્ણય પર ન આવો.

એક સિક્રેટ કહું ? ગુસ્સે ન થતાં. નિશાળમાં આવે છે ત્યારે બાળક તમારાં વિશે વાતો કરતું હોય છે. એ બીજા બાળક સાથે તમને ડિસ્કસ કરે છે. ઘરમાં એની સાથે થતા વર્તનની તુલના બાળકો એકબીજા સાથે કરતાં હોય છે. હું તો બધું જાણું છું પણ બધું તમને કહેવા જેવું નથી. તમે સાંભળી નહીં શકો. તમે એને સમજતા નથી. એના પર ચીસો પાડો છો, હાથ ઉપાડો છો, વાંક ન હોવા છતાં પણ એને સજા આપો છો. એ બધી ફરિયાદો બાળક મને કરતું હોય છે. પ્લીઝ, એવું ન કરતા.

જો તમારી પાસે આવીને બાળક ફરિયાદ કરતું હોય તો એને કરવા દેજો. એને બોલવા દેજો. એના મનમાં જેટલી ફરિયાદો છે, એને બહાર નીકળી જવા દેજો. લાઈન રિપેર કરતાં પહેલાં પ્લમ્બર બધું પાણી વહી જવા દે છે. એને ખિજાતા નહીં એના પર ગુસ્સે ન થતાં. એને સાંભળી લેજો. પોતાના મનોવિશ્વમાં ડોકિયું કરવાનો બાળક તમને ચાન્સ આપી રહ્યું છે. એ ગુમાવતા નહીં એને કયારેય પણ બોલતા અટકાવતા નહીં.

એને ઉપયોગી બનતાં શીખવજો. કલાસરૂમમાં બાળક કચરો પાડે કે ગંદકી ફેલાવે, તો હું એની પાસે જ સાફ કરાવું છું. પોતાનો નાસ્તો એના ભાઈબંધ કે બહેનપણી સાથે શેર કરતા શીખવાડું છું. કોઈને પેન્સિલ, સ્કેલ કે રબ્બર જેવી વસ્તુની જરૂર હોય તો વિના વિચારે એની પાસે રહેલી વસ્તું બીજાને ઓફર કરતા શીખવાડું છું. એનો મિત્ર પડી જાય તો એને ટેકો આપીને ઊભા કરવાનું સમજાવું છું.

એને ઘરે પણ આ જ શીખવજો, ઘરકામમાં ઉપયોગી થતાં, લોકોને ઉપયોગી થતાં, એને કચરા–પોતા કરતાં , વાસણ–કપડાં ધોતા, ઈસ્ત્રી કરતાં, કપડાની ગડી વાળતા, રસોઈ બનાવતા શીખવજો. આ જ એનું મુખ્ય હોમવર્ક છે. મેં આપેલું હોમવર્ક એ નહીં કરીને લાવે તો ચાલશે. પણ જે ખરેખર 'હોમનું વર્ક' છે એ તો એને આવડવું જ જોઈએ. એને સમજાવજો કે કોઈ કામ નાનું નથી હોતું બસ, એ કામ પ્રત્યેનો આપણો અભિગમ નાનો કે મોટો હોય છે.

એને ઘરના કોઈ પ્રિવિલેજડ કે સ્પેશિયલ વ્યક્તિ તરીકે ટ્રીટ નહીં કરો તો ચાલશે, એને ઘરના એક સભ્ય તરીકે ટ્રીટ કરજો. એને પરફેક્શન નહીં, પ્રામાણિકતા શીખવજો. એને પરિણામનું નહીં, પ્રયાસનું મહત્ત્વ સમજાવજો. સફળતાની નહીં, સત્ય અને સમર્પણની કિંમત સમજાવજો. આ મારો અનુભવ છે કે જે બાળક ઘરકામમાં સમર્પિત અને સિન્સિયર હોય છે, એ બાળક જીવનના દરેક ક્ષેત્રમાં સમર્પિત અને મહેનતુ જ રહેશે.

એને બહારની દુનિયા બતાવજો. ઘર અને નિશાળની બહારનું જગત કેટલું સુંદર અને વિશાળ છે એની જાણ એને કરજો. એને મારાં વતી ખાસ કહેજો કે માત્ર નિશાળ કે ઘર જ નહીં, આખું જગત એનું છે. કળીમાંથી ફૂલો ખીલતાં, મોરને કળા કરતાં, ઈયળમાંથી પતંગિયું બનતા, વસંતમાં નવા પાંદડાંઓ આવતાં અને પક્ષીઓને ગીતો ગાતાં દેખાડજો. તાજી હવા અને હુંફાળા સર્યૂપ્રકાશ પર એનો હક છે, એ તેને સમજાવજો. કારણ કે એ ફક્ત મારું કે તમારું નહીં, આ બ્રહ્માંડનું સંતાન છે.

ઝાડ પર ચડતાં, પતંગિયા પકડતાં, પક્ષીઓના અવાજો ઓળખતા, પર્વતો પર ચડતાં, વૃક્ષને ગળે મળતાં, પથ્થરો પર ચિત્રો દોરતાં, ખાડો ખોદતા, દોરડાઓ કૂદતા, બીજ વાવતા અને ફૂલ–છોડને પાણી પાતા શીખવાડજો. એને સંવેદનાથી છલોછલ બનાવજો. એને વૃક્ષ સાથે વાતો કરતા શીખવાડજો, ખિસકોલીને પ્રેમ કરતા, ગલૂડિયાને વહાલ કરતા, ગાયને રોટલી નાખતાં અને પક્ષીઓને ચણ નાખતા શીખવાડજો. એને સમજાવજો કે બ્રહ્માંડના દરેક જીવો આપણી જેવા જ હોય છે. તેમનામાં પણ આપણા જેવા જ ભાવો અને સંવેદના હોય છે. ઝાડ પરથી પાંદડું ખરે ત્યારે વૃક્ષને પીડા થતી હોય છે. વૃક્ષ પણ રડતું હોય છે. પાનખર આવે ત્યારે વૃક્ષની પીડા એને સમજાવજો.

એક ઈન્વોલ્વડ વાલી કે શુભેચ્છક હોવાના નાતે મારી તમને એટલી જ વિનંતી છે કે બાળકને ફક્ત એટલું સમજાવજો કે આ જગત સુંદર છે. અ ા જીવન જીવવાલયક છે. સાવ નજીવી અને નકામી વાતોમાં પોતાની જાતને બરબાદ કરી દેવા માટે નથી. બ્રહ્માંડે એનું નિર્માણ કોઈ વિશાળ હેતુ માટે કરેલું છે. એને એ પર્પઝ સમજાવજો. એને ખાસ કહેજો કે ફક્ત તારા ઘર કે તારી નિશાળને જ નહીં આ વિશ્વને તારી જરૂર છે. કારણ કે તું યુનિક છે. અજોડ અને અનન્ય છે. અસાધારણ છે. આ જગતમાં તારા જેવું બીજું કોઈ નથી. તું આ બ્રહ્માંડનું એક માત્ર ઓરિજિનલ અને શ્રેષ્ઠ સર્જન છે. એના માથા પર હાથ ફેરવીને, કપાળ પર કિસ કરીને મારા વતી ખાસ કહેજો કે બેટા, તું અમૂલ્ય છે. તું સ્પેશિયલ છે. તું ફક્ત અમારું જ નહીં, તું ઈશ્વરનું સંતાન છે.

લી. આપના બાળકની નિશાળ

''પરમાત્માનાં પેરેન્ટિંગ પત્રો'' માંથી સાભાર

# અનોખી માર્કશીટ... !

બોર્ડના પરિણામની માર્કશીટ હાથમાં આવતાં જ જયના મુખ પર ખુશી છલકાઈ ગઈ. સ્કૂલના બધા શિક્ષકો તો જયનો જયજયકાર કરતાં થાકતાં જ નહોતા...

જોયું ગણિતમાં મારી કરાવેલી તૈયારીઓની અસર... સોમાંથી પુરા સો..! કોઈની તાકાત છે કે જયનો એક માર્ક કાપી શકે..? ગણિતના શિક્ષક તો બધા વચ્ચે છાતી ફૂલાવીને બોલ્યાં.

ગણિતમાં તો કેટલાય વિદ્યાર્થીઓ પુરા માર્કસ લાવે... વિજ્ઞાનમાં આખા જિલ્લામાં જય એકલાના જ સો માંથી સો માર્ક્સ છે અને મારા ભણાવેલા વિજ્ઞાનની કોઈ બરોબરી જ ન કરી શકે. વિજ્ઞાનના સર તો જયની માર્કશીટ લઈને પાતાની ખુરશી પર ચઢીને આખા સ્ટાફને સંભળાય તેમ બોલ્યા.

ઓ ગણિત... વિજ્ઞાનવાળાંઓ તમે ભાષામાં પંચાણુ માર્ક લાવીને બતાવો. જયના ગુજરાતીના પંચાણુ માર્કસ આખા રાજયમાં અવ્વલ છે. જેની માતૃભાષા મજબુત તેના બધા વિષયો મજબુત. ગુજરાતીના શિક્ષકે તો પેલા બંને શિક્ષકોને સંભળાય તેમ જયની માર્કશીટ હાથમાં લેતા કહ્યું.

જયની માર્કશીટ શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ બધાના હાથમાં વારાફરતી ફરી રહી હતી.

તારા મમ્મી—પપ્પા ક્યાં છે. જય..? મારે પુછવું છે કે તેઓ તને કેવી રીતે તૈયારી કરાવે છે..? તારી પાછળ કેટલો સમય આપે છે..? એક વિદ્યાર્થીના મમ્મીએ માર્કશીટ જોઈને પૂછી લીધું.

મમ્મી... જયના મમ્મી—પપ્પા તો કોઈ દી સ્કૂલે આવતા જ નથી ! પેલા વિદ્યાર્થીએ જ તેની મમ્મીને જવાબ આપી દીધો.

ગુજરાતીના શિક્ષક જયને ન સંભળાય તે રીતે પેલા બેનને ધીરેથી કહ્યું હા... જયના પપ્પા તો ફુટપાથ પર જુના પુસ્તકો વેચે છે. મમ્મી બીજાના ઘરે કામ કરે છે. તેઓ અતિ સામાન્ય પરિસ્થિતિના છે. આ તો જય જેવો દિકરો લાખોમાં એક હોય જે જાત મહેનતે આગળ આવે..!

સર... હું જાઉં... મારા મમ્મી—પપ્પાને પણ રીઝલ્ટ બતાવવું છે. જયને ઘરે જવાની ઉતાવળ હતી.

ત્યાં જ સામે પ્રિન્સિપાલ સર આવ્યા, તેમના હાથમાં મીઠાઈનું બોકસ હતું, હા... જા દિકરા... તારા પેરેન્ટ્સ પાસે મોબાઈલ જ નથી તો એ કયાં ઓનલાઈન રીઝલ્ટ જોઈ શકવાના છે..? પણ તારા જેવો દિકરો ખરેખર જિંદગીની ઓન—લાઈન છે તેનો અમને ગર્વ છે અને અમે તારા રીઝલ્ટની ખુશીના પેંડા આખી સ્કૂલમાં આપવાનાં છીએ. લે આ બોક્ષ તારા મમ્મી—પપ્પાને આપજે.

સર, પેંડા તો મારે આપવાના હોય..! જયે ધીમા અવાજે કહ્યું.

બેટા... તારા પરિણામથી તો અમને પેંડા વહેંચવાનું મન થઈ આવે છે. તું જલ્દી જા. તારાં મમ્મી—પપ્પાને કહેજે કે તું સમગ્ર રાજયમાં પ્રથમ આવ્યો છે. પ્રિન્સિપાલ સરે જયના માથા પર હાથ મુકયો.

‘થેંકયુ સર’ એટલું કહીને જયે પેંડાનું બોક્ષ અને માર્કશીટ લઈ પોતાની સાયકલનું હેન્ડલ ઘર તરફ વાળ્યું.

જયની સાયકલની રફતાર વધી રહી હતી. તેને પોતાની માર્કશીટ બતાવવાની ઉતાવળ નહોતી પણ પોતાના આ વર્ષની મમ્મી પપ્પાએ બનાવેલી માર્કશીટ લેવાની ઉતાવળ હતી.

જય ઘરે પહોચ્યો. તે દોડીને મમ્મી પપ્પાની પાસે ગયો, મમ્મી—પપ્પા આ મારી માર્કશીટ અને પેંડા. ગુજરાતમાં પહેલો આવ્યો છું. જયની ખુશીનો પાર નહોતો.

મમ્મી—પપ્પાએ માર્કશીટ પર નજર ફેરવી અને તરત જ ભગવાનનાં ચરણોમાં મુકી દીધી.

મારી પેલી માર્કશીટ કયાં ? જયે તેની દર વર્ષની જેમ આ વર્ષની મમ્મી પપ્પાએ બનાવેલી પરીક્ષાની માર્કશીટની ઉઘરાણી કરી.

અરે...બેટા... હવે તું મોટો થયો. કદાચ અમારા આપેલા માર્ક તેને નહી ગમે તો ! આ વખતે નહી આપીએ તો નહી ચાલે..? જયના પપ્પાએ તો ઈન્કાર કરતા કહ્યું.

ના એમ નહી ચાલે મારે તમારી બનાવેલી માર્કશીટ જોઈએ જ. જયે જીદ કરી.

સારું, લે પણ ધ્યાન રાખજે. અમે તારી સ્કૂલના શિક્ષકો જેવા હોશિયાર નથી. જય બેટા, આ કોઈ ભણવાના વિષયોની માર્કશીટ નથી પણ તારા જીવનનું આ વર્ષનું અમારૂ વાર્ષિક મૂલ્યાકંન છે અને પપ્પાએ જયને તેની અનોખી માર્કશીટ આપી.

જયે તો બે પાનાની માર્કશીટ હાથમાં લીધી અને મમ્મી—પપ્પાએ કેટલા ગુણ આપ્યા છે તે જાણવાની તાલાવેલી જાગી.

જયના પપ્પા ભલે સામાન્ય પરિસ્થિતિના હતા પણ પુસ્તકોના અભ્યાસથી તેઓ પોતાના પુત્રનો સાવ જુદી રીતે જ ઉછેર કરી રહ્યાં હતા.

દર વર્ષે જયનું સાત જુદા જુદા વિષયોનું વાર્ષિક મૂલ્યાંકન કરી સો ગુણની પરીક્ષાની જેમ જ તેના માર્ક આપતા.

આ અનોખી માર્કશીટમાં ઉપર જયનું નામ, ઉંમર અને તેની નીચે વિષયોના નામ લખી તેની સામે મેળવેલ ગુણ લખેલા હતા. દરેક વિષયની નીચે વિસ્તારથી જવાબ લખેલો હતો.

વિષય પહેલો : પોતાની વસ્તુઓની દરકાર

મેળવેલ ગુણ : ૯૧

જય તારી વસ્તુ પ્રત્યેની દરકાર ઘણી સારી છે, તારી દરેક ચોપડીઓના પૂંઠા અને તેની સંભાળ સરસ રીતે કરી છે. તારો કબાટ વ્યવસ્થિત રીતે રાખતા તું શીખી ગયો છે. તારી દરેક વસ્તુઓ તેના સ્થાને મુકવાની આદત સુધરી છે. પણ આ વર્ષે તું સાયકલ પ્રત્યે સહેજ બે ધ્યાન હતો. તેની સાફસફાઈ, ફુલ નવ વાર થયેલ પંચર (ગયા વર્ષ કરતા ત્રણ વાર વધારે) તારાથી એક જોડ ચંપલ અને ચાર પેન, એક પેન્સિલ ખોવાયેલ છે. જેના કારણે નવ માર્ક કપાય છે.

વિષય બીજો : પોતાની સારસંભાળ

મેળવેલગુણ : ૯૫

બેટા જય આ વખતે તારી બોર્ડની પરીક્ષાની સાથે તારા આરોગ્યની સંભાળ સારી રીતે કરી છે. બહારના જંકફૂડ ખાવાની એકવાર પણ જીદ કરી નથી. તેં આ વર્ષે તારા કપડાના બટન જાતે લગાવવાનું શીખી લીધું. સમયસર જાતે વાળ કપાવી નાખે છે. પણ જમીને હજુ થાળી નહીં ઉપાડવાની તારી આદત નથી બદલાઈ. સવારે ઉઠ્યા પછી તારી પથારી હજુ તારી મમ્મીએ જ ઉઠાવવી પડે છે જેના કારણે તારા પાંચ ગુણ ઓછા થયા છે.

વિષય ત્રીજો : ઘરની જવાબદારી

મેળવેલ ગુણ : ૮૫

અમને ખ્યાલ છે કે આ વર્ષ અભ્યાસનું વર્ષ છે એટલે ઘરની જવાબદારી શકય નહોતી. રૂમમાંથી બહાર નીકળતા પંખાની સ્વિચ બંધ ન કરવી, સવારે ચકલીને ચણ નાખાવાનું તારા ટયુશનને લીધે ઘણીવાર ભુલી જતો, નિયમિત પ્રાર્થના ન કરેલી, ન્હાતી વખતે વધુ પાણીનો ઉપયોગ કરવો જેવી કાયમી ભુલોને લીધે આ વર્ષે પંદર માર્ક ઓછા છે.

વિષય ચોથો : મિત્રો સાથેનો વ્યવહાર

મેળવેલ ગુણ : ૯૦

ક્રમશઃ પાછળના પાના પર...

આગળના પાનાથી ક્રમશઃ શરૂ...

આમ તો તારા મિત્રો તરફથી કોઈ ફરિયાદો નથી પણ તારા અંગત મિત્ર રાકેશ સાથે તારે ત્રણ વાર ઝઘડો થયો હતો. તમારા બે મહિના સુધી અબોલા રહેલા. જય બેટા. વાંક ભલે ગમે તેનો હોય પણ મિત્રતાના એક છેડે આપણે ઉભા છીએ જેથી ક્યારેક જતુ કરીને મિત્રતા નિભાવવી.

**વિષય પાંચમો :** સમય પાલન

**મેળવેલ ગુણ :** ૯૯


જય, આ વિષયમાં તું હંમેશા અવ્વલ રહ્યો છે. તેં તારા ટાઈમ ટેબલ મુજબ સતત કાર્ય કર્યુ છે. અને બેટા ધ્યાન રાખજે જે વ્યક્તિ પોતાના સમયને સમજે છે અને સાચવી લે છે તેના જીવનની દરેક પરીક્ષાનું પરિણામ શ્રેષ્ઠ જ હોય છે.

**વિષય છઠ્ઠો :** પરસ્પરનો પ્રેમ

**મેળવેલ ગુણ :** ૧૧૧

જય, આ એક વિષયમાં તારી મમ્મીએ માર્ક આપ્યાં છે. તારી મમ્મીએ કહ્યું છે મારા જયને ૧૦૦માંથી ૧૧૧માર્ક આપજો. તેણે કહ્યું છે કે જય કાયમ પહેલો નંબર લાવે છે છતાંય તેને ક્યારેય બીજા સુખી ભાઈબંધો સાથે પોતાની સરખામણી નથી કરી. બાઈક કે મોબાઈલ લેવાની ખોટી જીદ નથી કરી. અમે તને બીજાના મમ્મી–પપ્પા જેવી સુવિધાઓ પણ નથી આપી શકયા છતાં ક્યારેય કોઈ ફરીયાદ નથી કરી. વાંચતા વાંચતા ઉંઘ ન આવે માટે ઘરમાં દૂધ ન હોય તો રાત્રે પાણી, ચા અને ખાંડ ગરમ કરીને વગર દૂધની ચા પીને તું ઘણીવાર અમને સુતા મુકીને જાગતો રહ્યો છે અને વાંચતો રહ્યો છે. તારા વિદાય સમારંભ વખતે તને મળેલ એલાર્મ કલોંકે તેં સામેવાળાં રમણીકકાકાને આપી દીધેલી કારણકે તેમને ઘણીવાર વહેલા ઉઠવામાં તકલીફ પડતી. આ બધુ સમજી તારી મમ્મીએ તને સો વત્તા અગિયાર માર્ક વધારાના આપ્યાં છે. એટલે તને કુલ ૬૦૦માંથી ૫૭૧ માર્ક્સ મળે છે. અર્થાત્ત ૯૫.૧૬% અભિનંદન.

બેટા જય, તું અમારો જીગર જાન ટૂકડો છે. આપણે પરસ્પરનો પ્રેમ સાચવવો અને એકમેકના જીવનની જરૂરિયાત સમજવી તે તું ખૂબ સારી રીતે સમજયો છે. તારી મમ્મી છે તે ક્યારેય પોતાના દિકરાના માર્ક કાપી ન શકે... પપ્પા કઠોર બની શકે. મા નહીં..!



બેટા, જીવનનાં આ વિષયોમાં કાયમ વધારે ને વધારે માર્ક લાવવાનો પ્રયત્ન કરજે. આજે ઉપરના વિષયો તને કદાચ નાના કે બિનજરૂરી લાગતા હશે પણ તે તને ઉજ્જવળ ભવિષ્ય તરફ ચોક્કસ લઈ જશે.

**વિષય સાતમો :** વાલી તરીકે અમારી ફરજ

**આપવાના ગુણ :**

બેટા જય, આ વર્ષે આ જુદો વિષય ઉમેર્યો છે. આ વિષયમાં તારે અમારું મૂલ્યાંકન કરવાનું છે. તારે પણ અમને સોમાંથી માર્ક આપવાના છે કે અમે અમારી જવાબદરીનું કેટલું વહન કરી શક્યા છીએ, અમે તને કેટલીયે સગવડો નથી આપી શકયા. તારી સ્કૂલ કે કોઈ સમારંભમાં અમે હાજર રહી નથી શકયાં, અરે તારા વિદાય સમારંભમાં તારે નવું જીન્સ લેવું હતું પણ મેં તને નહોતું ખરીદી આપ્યું. તારે પ્રવાસમાં જવાનું હતું પણ મમ્મીને ખૂબ ચિંતા હતી એટલે અમે ના કહેલી. બેટા, અમારી પણ મર્યાદાઓ છે. તારા આપેલા માર્કથી અમે પણ અમારામાં રહેલી ખામીઓ શોધી શકીશું અને આવતા વર્ષે અમારા માર્ક વધે તેવા પ્રયત્નો કરીશું.

અને જયે તો તરત જ આ છેલ્લા વિષયમાં ૧૨૧માર્ક આપીને નીચે લખી દીધું.

વ્હાલા મમ્મી–પપ્પા,

તમે એમ ન સમજશો કે તમે મને કાંઈ નથી આપ્યું. તમે મને જે આપ્યું છે તે આ દુનિયાના કોઈપણ મા–બાપે કદાચ તેના દિકરાને નહીં આપ્યું હોય..! તમે આ અનોખી માર્કશીટ આપીને મારા જીવનની અનોખી સમજણ આપી છે જે મારા સ્કૂલના વિષયોમાં ક્યારેય નથી મળતી. વિષયોમાં માર્ક લાવવાની સાથે વ્યવહારમાં પણ કેવી રીતે સારા માર્ક લાવવા તે તમે મને આ રીતે શીખવ્યું છે.

તમે મને આ રીતે જ દર વર્ષે અનોખી માર્કશીટ આપતા રહેજો હું પણ સામે તમને મારી દરેક માર્કશીટ વધુ સારી બનાવવાનું પ્રોમિસ આપું છું.

"સદગુણની પાછળ પરીક્ષાના ગુણ ખેંચાઈને આવે છે
જેમ સૂર્યનો પ્રકાશ ચો–તરફ વહેંચાઈને આવે છે."

"વોટસ્ એપ" પરથી સાભાર




**VASISHTHA GROUP OF SCHOOL**

**શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ.**
ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ
જુ.કે.જી. થી ધો. ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02621 255551/3 ✆ 91734 02809 / 91733 15555

**વસિષ્ઠ જેનેસિસ સ્કૂલ, બાબેન.**
ગુજરાતી માધ્યમ
ધો. ૧ થી ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02622 225542/43 ✆ 91576 44555
www.vasishthagensisschool.net